પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : FRIDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

DyCM VDR SAMMELAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગુજરાતની ધરતી હજારો વર્ષના ઇતિહાસની સાક્ષી છે અને તેમાં પણ સંસ્કારી નગરી વડોદરાનું સ્થાન વિશેષ છે. ઋષભ દેવ સાથે જોડાયેલા ગ્રંથના અંગ્રેજી અનુવાદનો ઇતિહાસ પણ વડોદરા સાથે જોડાયેલો છે. આવી સંસ્કારી નગરી વડોદરામાં ઋષભાયનનું આયોજન થવું એ ઘણી આનંદની વાત છે. વડોદરામાં નવલખી મેદાન ખાતે ઋષભાયન થ્રી પૉઈન્ટ ઑ ઉદ્ઘાટન સમારોહ અને સર્વધર્મ સંત સમાગમ સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ ઉપસ્થિત તમામ સંતો અને વિદ્વાનોને નમન કર્યું. તેમના સંબોધનમાં શ્રી સંઘવીએ, ગુનેગારોને સ્પષ્ટ ચેતવણી આપી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

(મારે તો જે ગુનેગાર ન સમજે તેને જે ભાષા સમજતો હોય એ જ ભાષાથી સમજાવો પડે. એટલે મારે તો દંડનીતિમાં જે ગુનેગાર વારંવાર ગુનો કરતો હોય, એના માટે દંડ સિવાયની બીજી કોઈ સજા ન હોય એ જ વિચારો જોડે આગળ વધવું પડે છે. તો આ વિચારમાં તમારા વાતોમાં પણ અને તમારું આ જે સત્ર છે તેમાંય કોઈ વ્યક્તિ ભૂલથી ગુનો કરે તો એને દંડનીતિ સિવાયનો પણ રસ્તો હોવો જોઈએ; પરંતુ કોઈ વ્યક્તિ જાણી જોઈને ગુનો કરે છે અને એ વ્યક્તિ જાણી જોઈને વારંવાર ગુનો કરે છે, તો એના માટે તમે કોઈ માનવતા બતાવવા ન લાગો.)

. . . . .

DYCM CHT VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજથી ત્રણ દિવસ છોટાઉદેપુર જિલ્લાના પ્રવાસે રહેશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સંઘવીએ કહ્યું, તેઓ ક્વાંટ અને આસપાસના અંતરિયાળ ગામમાં ગ્રામજનોને રૂબરૂ મળશે. તેમજ જિલ્લા વહીવટી તંત્ર સાથે બેઠક કરી ચાલી રહેલા સરકારી પરિયોજનાની સ્થળ મુલાકાત લેશે. જ્યારે લોકસુનાવણી શિબિરમાં આવનારી રજૂઆતોનો શક્ય તેટલો સ્થળ પર જ નિકાલ લાવવાનો પ્રયાસ કરાશે તેમ શ્રી સંઘવીએ વધુમાં ઉમેર્યું.

GUJARAT ATS ACCUSED

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી-ATSએ જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા શખ્સને વડોદરાથી ઝડપી લીધો છે. બાતમીને આધારે ATSએ હાલોલ-વડોદરા રોડ પર ગોલ્ડન ચોકડી નજીક નાકાબંધી કરી આ શખ્સની અટકાયત કરી. શખ્સના મોબાઈલમાં પ્રાથમિક તપાસ કરતા તે કથિત રીતે જૈશ-એ-મોહમ્મદના સંપર્કમાં હોવાનું જણાયું હતું. તેની પાસેથી એક રાયફલ, 23 જીવતા કારતૂસ, બે મોબાઈલ ફોન અને સીમકાર્ડ મળી આવ્યા હતા. ATSએ આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

KUTCH HEROIN

કચ્છ જિલ્લાના ગાંધીધામમાંથી માદક પદાર્થ સાથે પંજાબનો શખ્સ ઝડપાયો છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે પોલીસ બાતમીના આધારે શિવમંદિર તરફના સર્વિસ રોડ પર ટ્રેલર વાહનમાં તપાસ હાથ ધરી આ શખ્સને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી 6 લાખ 88 હજાર રૂપિયાની કિંમતનો 34 ગ્રામ માદક પદાર્થ મળી આવ્યો. પોલીસે આરોપીની ધરપકડ કરી 26 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

MSG MINISTER MANISHA VAKIL VISIT

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનિષા વકીલ આજથી ત્રણ દિવસ મહીસાગરનાં પ્રવાસે છે. સંતરામપુર ખાતે આજે તેમણે આદિવાસી વિસ્તારના યુવાનો અને પરિવારો સાથે સંવાદ સાધ્યો. સરકાર આપના દ્વારે અંતર્ગત તેઓ ત્રણ દિવસ આદિવાસી વિસ્તારોની મુલાકાત લેશે તેમ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનિષા વકીલે જણાવ્યું.

(BYTE: DR. MANISHA VAKIL, MOS FOR WOMEN AND CHILD DEVELOPMENT)

(ત્રણ દિવસ દરમિયાન જે સામાન્ય આદિવાસી પરિવાર હોય, તેમને પણ મળવાનું થશે. એક વિષય એવો પણ થશે જ્યાં અમે બાળકોને પણ મળીશું, અમે યંગ જનરેશનને પણ મળીશું. મહિલા મોરચા દ્વારા અને મહિલા સંગઠન દ્વારા એક મીટિંગનું પણ આયોજન છે; સાથે-સાથે વેપારી વર્ગની સાથે 'મન કી બાત' ના સુંદર કાર્યક્રમનું આયોજન પણ ૨૯ તારીખે કરવામાં આવ્યું છે.)

SURENDRANAGAR KHANIJ

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં વહીવટી તંત્રે દરોડો પાડી ખનીજ ચોરી ઝડપી 70 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જામવાળી ગામની સરકારી સર્વે નંબર 105 વાળી જમીનમાં નાયબ કલેકટરની ટીમ દરોડો પાડતા ખનીજ ચોરી કરતા એક ડમ્પર, એક લોડર મશીન, બે ટ્રેક્ટર અને 125 મેટ્રિક ટન કોલસો મળી આવ્યો હતો. આ મામલે ત્રણ શખ્સ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

KACHCHH EARTHQUAKE

કચ્છ જિલ્લામાં આજે ફરી એક વાર ભૂકંપના આંચકાઓ અનુભવાયા. રાત્રે 12.54 કલાકે આવેલા ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી આઠ કિલોમીટર દૂર નોંધાયું. જ્યારે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 2.8 માપવામાં આવી હોવાનું ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

SABARMATI METRO STATION

અમદાવાદ સ્થિત સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન આવતીકાલથી મુસાફરો માટે ખુલ્લું મુકાશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર સાબરમતી સ્ટેશનથી પ્રથમ મેટ્રો ટ્રેન એપીએમસી માટે સવારે 6 ને 27 મિનિટે ઉપડશે જ્યારે છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 11 ને 35 મિનિટે કોટેશ્વર રોડ માટે ઉપડશે.

આ નિર્ણયથી મેટ્રો મુસાફરો તેમજ સાબરમતી રેલવે સ્ટેશન અવરજવર કરતા પ્રવાસીઓને મોટી સુવિધા મળશે.